સુરતના કુંભારીયા સુથાર સમસ્ત પંચે મળીને કરેલા ઠરાવોની નકલ.

સં. ૧૯૬૬ સને ૧૯૧૦

"દેશી મિત્ર" પ્રેસ સુરત.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કોપીરાઈટ-સંગ્રહ
2933

गूजरात विद्यापीठ . ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक २७३३ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय [illegible]

સંવત ૧૯૬૬ ના માગશર વદી ૧૧ ને વાર શુકરે તા૦ ૭ મી જાનેવારી સને ૧૯૧૦ અંગ્રેજીને દીને જોગ લી૦ હમે નીચે સહીઓના કરનારાઓ કુંભારીઆ સુથાર સમક્ષ પંચ ચોર્યાશી તથા પાંચ જીલ્લા તથા ન્યાત વિગેરે મળી સરવેએ આજરોજે પંચ એકઠી કરી તેમાં નીચે મુજબના ઠરાવો કર્યા છે.

૧ આપણી ન્યાતમાં લગ્ન તથા શ્રીમંત તથા વેહેવા તથા મૈયત વીગેરેના ખરચમાં કોઇએ પણ મદ્યુપાન વાપરવો નહીં ને જો કોઇ પણ વાપરે તો પંચે નીચે મુજબ ઠરાવેલો દંડ રૂ. ૧૦૧) અંકે એકસોને એક લેવો સહી.

૨. છોકરાના વિવાહ કરવા જાય તેમાં મરદ તથા બૈરા પાન સોપારી ખાઇને આવે ને સાકરનું મઠીકું તથા પાવલી

છોકરાના હાથમાં આપે તો, તે વહેવા સહી. ત્યાર પછી સારો દીવસ જોઇને પતાસા ખાવાં પતાસા ખાધા બાદ છોકરાના ત્યાંના છોકરીને ત્યાં ચાર માણસો પડો લઇને જાય.

૩ સાકર તથા પડો આપ્યા બાદ વહેવા તુટે નહીં, તેમ છતાં તોડવા હોય તો લગ્ન કર્યા બાદ ફારગતી કરે, તો છોકરીનો બાપ તથા છોકરાનો બાપ પંચે ઠરાવેલા રૂ. ૨૫૧) અંકે બસે એ-ાવન પંચમાં આપે સહી, તથા તેમાંથી છોકરાવાળો રૂ. ૨૫૧) આપે, અથવા છોકરીવાળો રૂ. ૨૫૧) આપે, તો તેમાંથી રૂ. ૫૧) છોકરાવાળાને તથા છોકરીવાળાને આપવા, અને જે રૂ. ૫૧) આપવામાં આવે, તે ઉપર પંચનો અગર મહોલ્લાનો કોઇપણ રીતનો હક યાને દાવો રહે નહીં, ને કદાચ હક યાને દાવો બતાવે તો આથી રદ બાતલ થાએ સહી, સદરહુ ઠરાવેલી રકમના વારામાં

કોઇપણ વારાવાલો ઓછીવત્તી રકમ લે તો તે પંચનો ગુન્હેગાર છે સહી. તેમજ આપણી ન્યાતનો કોઇપણ માણુસ બહાર ગામ:પરણેલો હોય, અગર તે બહારગામ ફારગણી આપી આવે, તો તેની પાંસે સુરતની પંચમાં રૂ. ૨૦૦) અંકે બસો દંડના પંચે લેવા સહી.

૪ બહારગામ કોઇ પણ છોકરાના તથા છોકરીનો વિવાહ કરેલો હોય અને તે તોડે તો તેની પાસે પોતાની પંચના વાડમાં રૂ. ૫૧) અંકે એકાવન દંડના પંચે લેવા સહી.

૫ પડાની વીગત નીચે મુજબ-પડા ઘાલ્લવાના બંધ કર્યા છે. ને પડા વખતે લુગડું તથા પાઘડીનો રૂ ૧) આપતા હતા તે કાંઢી નાંખ્યો છે. ને કન્યાને માટે લુગડાં લેવા જવા તે સારો દિવસ જોઇને લેવા જવા, તથા લુગડા આપવા જાય તે દીવસે કંદોરાના રૂ ૭॥

અંકે સાડાસાત છોકરાની માને આપી દેવા.

૬ લગ્નનો ઠરાવ નીચે મુજબ—લગ્નને દીવસે વરના ત્યાંના વરઘોડાના નોતરાં બૈરાં મરદ સાથે કન્યાને ત્યાં કહેવા જાય, તે વખતે બૈરાંને તથા મરદોને સુખડી કરાવે, ને બીજે દીવસે કન્યાને ત્યાંના ગોરવનું કહેવા આવે, તે બૈરા મરદ સાથે ને તે સરવેને વરવાળો સુખડી કરાવે, બાદ બીજી બધી સુખડીઓ આજરોજ બંધ કીધી છે. ને લગ્નને દીવસે લગન થઇ રહે કે, ઘેર જાય. ને બીજે દીવસે ગોરવ લેવા આવે તે રીવાજ મુજબ પાપડ બાંગે, તથા ત્રીજે દીવસ ૧૧ વાગે પલ્લુ ભરે ત્યાર બાદ નીમેલી પહેરામણી પેહેરાવે. અને પોતાના લાગતા વળગતા સગાઓને સેકેલી લાપસી તથા દાળ ભાત જમાડે, અને કન્યાને વિદાય કરે, પહેરામણી આપવી તેનો ઠરાવ નીચે મુજબ.

વરને પીતાંબર તથા વરના બાપને રેશમી ખેસ, તથા વરની માને રેશમી સાડી, તથા પહેરામણીને પેટે રૂ. ૧૫) પંદર રોકડા આપવા

૭ શ્રીમંતનો ખર્ચ બંધ કર્યો છે, અને છોકરીને સાસરે ખોળો ભરે તે દીવસે છોકરીને લુગડાં આપવા હોય, તો તે બે માણસની સાથે મોકલી આપવા, તથા જમાઇને ચાંલ્લા તરીકે રૂ. ૨) અંકે બે આપવા, છોકરીને લુગડા નહીં કરે તો જમાઇને ચાંલ્લો કરવો નહીં, તથા લાડવે ધાડવે છોકરીને તેડવા માટે જાય, તો તે બે માણસ જઇને તેડી લાવે, આ ઠરાવથી જે કોઇ આડો ચાલે, તો તેની પાંસે પંચે રૂા. ૧૦૧) અંકે એકસોને એક દંડ લેવો સહી. તેમજ છોકરીને છોકરો જન્મે તો તેડવા જવાનો આપણામાં જે

રીવાજ છે તેને બદલે બે માણસેજ જવું. ને વધુ જશે તો પંચના ગુન્હેગાર થશે.

૮ નાતરાના પલ્લાની વીગત નીચે મુજબ નાતરાનું પલ્લું દેશા રીત પ્રમાણે રૂ. ૩૨૫) ચડાવે તથા દેશા રીત કરતાં કોઇપણ માણસ વધારે ચઢાવે તો, તેની પાંસે રૂ. ૧૫૧) અંકે એકસોને એકાવન પંચને દંડના આપે સહી. તેમજ સામાસામી મહોલ્લાવાળાનો હક રૂ. ૧૫ નો ઠરાવ્યો છે તેથી વધુ લેશે તે પંચમાં ગુનેગાર થશે.

૯ ઉમરસાળો પેહેરાવતા હતા તે બંધ કર્યો છે. ને કદાચ કોઇ પહેરાવે તો તેની પાંસે રૂં. ૨૫) અંકે પચીશ દંડના લેવા સહી.

૧૦ વૃદ્ધ માણસોએ પાઘડી પહેરીને પંચમાં આવવું, તથા વૃદ્ધ માણસો તથા તેમના બાળ ગોપાળોએ મધુપાન લેવો નહીં.

તેમજ લઇને પચમાં આવવું પણ નહીં, અને કદાચ લઇને આવે તો તેની પાંસે રૂ પા અંકે સવાપાંચ દંડના લેવા સહી.

૧૧ ન્યાત ચોર્યાશી તથા પાંચ જીલ્લા ઓમાં દંડની જે રકમ આવે તેમાંથી ચોથો હીસ્સો રાંદેરના મંદિરમાં મોકલી આપવો સહી. જે ચોથો હીસ્સો ઠરાવેલો છે, તેના રૂપીઆ જ્યારે ત્રણે તડ એકઠા થાય તે વખતે હીસાબ કરીને આપીદે સહી.

૧૨ મૈયતના લાણું વહેંચવાનો જે રીવાજ આપણામાં છે, તે આજ રોજે બંધ કર્યો છે. ફક્ત બ્રાહ્મણુને આપીને બેસી રહે. તે ઉપરાંત થઇને કોઇ વહેંચે તો પંચમાં રૂ. ૨૫) અંકે પચ્ચીશ રૂપીયા દંડના આપે સહી.

૧૩. આપણી ન્યાતના બૈરાઓ પીંઠામાં જાય નહીં. ને જાયતો પંચના કરાર પ્રમાણે રૂ. ૨૫) અંકે પચ્ચીશ રૂપીયા દંડ લેવો સહી.

૧૪ આપણી ન્યાતમાં ૪૦ વરસની અંદરનું કોઇ મરણ પામે તો તેનો ખરચ કરવો નહીં, કરશે તો પંચને રૂ. ૫૧) દંડ આપે પણ તે ઉપરનું કોઇ મરણ પામે તો માત્ર એકજ ખરચ કરવો. પણ જો કોઇને બે દિવસ ખરચ કરવો હોય તો પંચમાં રૂ. ૧૦ આપે,

એણી વીગતે ઉપરની તમામ શરતો કબુલ કરી આ કરારનો દસ્તાવેજ હમોએ હમારી રાજી ખુશીથી તથા અકલ હોંશીયારીથી તથા બીન કેફ તથા સાવચેતી પણામાં લખ્યો છે, તે હમારે તથા હમારા વંશ વારસોને કબુલ મંજુર છે સહી. દા. ઠાકોરદાસ ભગવાનદાસના છે.

દુલભરામ વલભરામ સહી દા. પોતે.
રણછોડ ધનજી સહી દા. પોતે.
નરસઇ મુળજી સહી દા. પોતે.
પરાગજી ડાહ્યા સહી દા. પોતે.
વણારસી નારણ સહી દા. પોતે
ગોરધન પીતાંબર સહી દા. પોતે.
દયારામ ભાણા સહી દા. પોતે.
નારણ ભીખાજી સહી દા. પોતે.
કસનદાસ નારણદાસ સહી દા. પોતે.
દાજી મોરાર સહી દા. પોતે.
જેઠા રણછોડ સહી.
વણારસી લાલા સહી.
હરજીવન દેવજી સહી.
રતનજી દુલભ સહી.
છીબા નથુ સહી.

હરજીવન નારણ સહી દા. પોતે.

નાથા જેઠા સહી દા. પોતે.

કુંવરજી ઠીકા સહી.

પરભુ ફકીરા સહી. દા. પોતે.

જગજીવન નાથા સહી.

ઇચ્છારામ મકન સહી. દા. પોતે.

કાનજી વનમાળી સહી.

પરસોતમ ભાણા સહી. દા. પોતે.

લખમીદાસ પરસોતમ સહી, દા. પોતે

ગોવન હરજીવન સહી દા. પોતે.

વીઠલ કેશવ સહી દા. પોતે.

પેમા હીરા સહી દા. પોતે.

કેસુર પરસોતમ સહી દા. પોતે

હરીભાઇ જીવણ સહી.

२933

વણુારશી જગદીશ સહી,

ફકીરા જગદીશ સહી.

પરશુ ઉકાજી સહી દા. પોતે.

નરોતમ વલભરામ સહી દા. પોતે.

